# ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ

બ્લોક નં. ૧૧, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯-૨૩૨૫૭૫૫૯ Email: mdgbcdc14@gmail.com

## ઉચ્ચ શૈક્ષણિક લોન યોજના હેઠળ ઓનલાઇન અરજી કરવા અંગેની જાહેરાત

ગુજરાત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ગાંધીનગર તથા રાષ્ટ્રીય પછાત વર્ગ નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હીના સહયોગથી ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા અમલીત શૈક્ષણિક લોન યોજનામાં ઓછા વ્યાજ દરની યોજનાઓનો લાભ લેવા માટે રાજયના વતની હોય તેવા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિના અરજદારો પાસેથી ઓનલાઇન અરજીઓ તા.૧૨/૦૬/૨૦૨૬ થી તા.૧૧/૦૭/૨૦૨૬ સુધી ઓનલાઇન અરજી કરવાની રહેશે. તેમજ જરૂર જણાયે સમયમર્યાદામાં વધારો કરવામાં આવશે જે નિગમની વેબસાઇટ ઉપરથી જોઇ શકશો.

આ યોજનાનો લાભ લેવા માટે નિગમના પોર્ટલ **https://gbcdconline.gujarat.gov.in** પરથી ઓનલાઇન અરજી કરી તેની સાથે જણાવેલ આધાર પુરાવાઓ **(PDF FORMATE)**માં અપલોડ કરવાનાં રહેશે. ઓનલાઇન અરજી કરવા જરૂર જણાય તો જે તે જીલ્લાના જીલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા.) / જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.)ની કચેરી/ જીલ્લા મેનેજરશ્રી, વિજાક સંલગ્ન નિગમોની ગ્રુપ જીલ્લા કચેરી, અથવા આ નિગમની વેબસાઇટ **https://sje.gujarat.gov.in/gbcdc** પરથી શૈક્ષણિક લોન યોજનામાં પાત્રતા મેળવી લેવાની રહેશે.

**<u>યોજનાની પાત્રતા :-</u>**

(૧) આ યોજનામાં અરજદારશ્રીની વય મર્યાદા ૧૭ થી ૩૫ વર્ષ સુધીની રહેશે.

(૨) અરજદારશ્રીના કુટુંબની વાર્ષિક આવક રકમ રૂા. ૫.૦૦ લાખથી વધુ ના હોવી જોઇએ.

(૩) અરજી કરતી વખતે આધાર નંબર સાથે લીંક હોય તે જ બેન્ક ખાતાની વિગતો આપવાની રેહેશ.

(૪) અરજીમાં વિદ્યાર્થીએ પોતાનો તેમજ વાલીનો મોબાઇલ નંબર આપવાનો રહેશે અને જે મોબાઇલ નંબર ચાલુ સ્થિતિમાં રાખવાનો રહેશે. અન્ય વ્યક્તિનો મોબાઇલ નંબર આપેલો હશે અથવા એક જ નંબરથી વધુ અરજીઓ કરેલ હશે તો આવી અરજીઓ રદપાત્ર ગણાશે.

(૫) અરજીમાં સંપૂર્ણ અને સાચી વિગતો ભરેલી ન હોય અથવા અધુરાશ દસ્તાવેજોવાળી અરજી હશે તો તે આપોઆપ રદપાત્ર (ના-મંજુર) ગણાશે.

(૬) અગાઉ લોન અરજી ઓનલાઇન કરેલ હોય અને સંપૂર્ણ લોન દસ્તાવેજીકરણ તૈયાર કરી નિગમમાં રજુ કરેલ ન હોય તે તમામ અરજદારોની લોન અરજી દફતરે કરવામાં આવેલ હોઇ ફરી લોન લેવા માંગતા હોય તો નવેસરથી ઓનલાઇન અરજી કરવાની રહેશે જેની ખાસ નોંધ લેશો.

(૭) શૈક્ષણિક લોન યોજનામાં વિદ્યાર્થી માટે ૪% અને વિદ્યાર્થીની માટે ૩.૫% વ્યાજ દર નિયત કરવામાં આવેલ છે. તેમ છતા આ બાબતે સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી થાય તે વ્યાજ દર લાગુ પડશે.

(૮) લોન મેળવવાની અરજી નિગમ દ્વારા સૈદ્ધાંતિક રીતે મંજુર થયેથી સ્થાવર મિલ્કત ધરાવતા બે જામીનદાર તથા મંજુર કરેલ લોનની રકમથી દોઢ ગણી રકમની પોતાની અથવા રજુ કરેલ જામીનદારની સ્થાવર મિલ્કતમાં નિગમના નામની બોજા નોંધ કરાવવાની રહેશે તેમજ નિયમોનુસાર લોન એગ્રીમેન્ટ, ચેક વગેરે રજુ કરવાના રહેશે.

(૯) મેનેજમેન્ટ ક્વોટામાં એડમીશન મેળવેલ હોય તેવા કિસ્સામાં લોન મળવાપાત્ર રહેશે નહી.

(૧૦) ધોરણ-૧૨માં અથવા તેને સમકક્ષ પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% માર્કસ હોવા જરૂરી છે.

(૧૧) જે વિદ્યાર્થી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિઓમાં આવે છે તેવા જાતિવાઇઝ નિગમો જેવા કે ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ ગાંધીનગરમાં સરકારશ્રીએ અલગથી રચના કરેલ છે, જેથી તેવા અરજદારશ્રીઓએ શક્ય હોય ત્યાં સુધી તે નિગમોમાં અરજી કરવાની રહેશે.

(૧૨) ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ જ માન્ય ગણવામાં આવશે.

(૧૩) મંજુર થયેલ લોનનું ચુકવણું ગ્રાન્ટ ઉપલબ્ધતાએ કરવામાં આવશે.

(૧૪) ચાલુ સેમેસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીઓ પણ ઓનલાઇન અરજી કરી શકશે.

ઉપરોકત આપવામાં આવેલ જાહેરાતના સંદર્ભમાં મળેલ લોન અરજીઓ નાણાંકીય જોગવાઇને ધ્યાને લઇ મંજુર/ના-મંજુર કરવાનો આખરી નિર્ણય સરકારશ્રીના નિતિ નિયમોને આધિન ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાંધીનગરનો અબાધિત રહેશે.

મેનેજીંગ ડીરેક્ટર (ઇ.ચા.)
ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ
ગાંધીનગર.

D:Nilesh/On line Press Note /23

Scanned with OKEN Scanner